ગાંધીનગર સમાચાર

આજથી મહાત્મા મંદિર ખાતે ૧૩મી ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસનો પ્રારંભ

જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા

જલારામ ધામે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી

ગાંધીનગર, તા.૧૮

જલારામ બાપાની જન્મ જયંતિ પ્રસંગે શહેરના સેકટર-૨૯ ખાતે આવેલ જલારામ ધામ ખાતેથી બાપાની ભવ્ય શોભાયાત્રા આજે સવારે નીકળી હતી.

જલારામ ધામથી વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગ પરથી પસાર થઈને સે-૭ ખાતે આવેલ ભોજલરામ મંદિરે પહોંચી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. જલારામ ધામે સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે બાપાની જન્મજયંતિની ધામધૂમથી ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

જલારામ બાપાની ૨૧૮મી જન્મ જયંતિ નિમિત્તે શહેરના પ્રસિધ્ધ જલારામ ધામ સેકટર-૨૯ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ૬.૩૦ થી સાંજે ૬.૪૫ કલાક સુધી અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જલારામ ધામથી સવારે ૮ કલાકે બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. બાપાનો રથ અને બગી સાથે વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ શહેરના સેકટર-૭ ભોજલરામ મંદિરે પહોંચી હતી. શોભાયાત્રામાં ભકતો બાપાના ગુણગાન ગાતા ગાતા ગરબે ઘૂમ્યા હતા. શહેરના માર્ગ પરથી નીકળેલી ભવ્ય શોભાયાત્રાએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. માર્ગ પરથી પસાર થતાં નગરજનોએ પણ બાપાના દર્શનનો લાભ લીધો હતો જયારે બપોરે ૪ થી ૯ કલાક દરમિયાન બાપાને અન્નકુટ ધરાયો હતો. સાંજે ૬.૪૫ કલાકે મહાઆરતી યોજાઈ હતી જેનો ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

જલારામ બાપાની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે વીરપુર બાપાના દર્શનાર્થે ચાલતા જતા પદયાત્રીઓનું અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. જલારામ મંદિર ખાતે બાપાની જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલા વિવિધ કાર્યક્રમોને પગલે મંદિરમાં ભક્તિનું વાતાવરણ સર્જાયું હતું. આ પ્રસંગે જલારામ સેવા સમાજના હોદ્દેદારોએ ખડે પગે સેવા કરી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

@ગાંધીનગર

● સે-૨, સ્વામિનારાયણ મંદિરના સ્ત્રી સંસ્કાર કેન્દ્ર હોલ ખાતે બપોરે ૩.૩૦ કલાકે ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ થશે. ભાગવતાચાર્ય શાસ્ત્રી શ્રી કૃણાલભાઈ જોષી ભાવિકોને કથાનું રસપાન કરાવશે.

- નજાહખાનમ સૈયદ

આજે જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સમિતિની બેઠક તા. ૧૯ નવેમ્બરને ગુરુવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે સેકટર-૧ના મહાકાલેશ્વર મંદિરના પરિસરમાં મળશે. આ બેઠકમાં તમામ કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા કાર્યકારી પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યું છે.

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે આગામી તા. ૧૩ ડિસેમ્બરના રોજ બપોરે ૧.૦૦ કલાકે સેકટર-૬, રોહિદાસ મંદિર ખાતે સમાજના સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ નિવૃત્ત કર્મચારી, અધિકારીઓએ ફોર્મ તથા જરૂરી માહિતી સંસ્થાના કાર્યાલય ખાતે તા. ૩૦ નવેમ્બર સુધીમાં મોકલવાની રહેશે. સ્નેહમિલન સમારોહમાં ધો-૧૦, ૧૨, ડિપ્લોમાં, ડિગ્રી, એન્જિનિયર, સ્નાતક, બી.એડ., ડોકટર સહિતના અભ્યાસક્રમમાં ઓકટોબર ૨૦૧૫ સુધીમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ૧ થી ૩ ક્રમમાં સન્માનિત કરવામાં આવશે તથા સમાજના નિવૃત્ત થયેલ કર્મચારી તેમજ અધિકારીઓને પણ સન્માનવામાં આવશે. આ સમારોહમાં ગોળ સમાજના તમામ સભ્યોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડે જણાવ્યું છે.

સિવિલમાંથી ડોકટરને મળવા આવેલા મેડીકલ રીપ્રેઝન્ટેટીવની બેગ ગાયબ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં અવાર નવાર નાની મોટી ચોરીના બનાવો બનતા હોય છે. સિવિલમાં સીસીટીવી કેમેરા તેમજ સીકયુરીટી શોભાના ગાંઠીયા સમાન છે. આજે બપોરના સુમારે ઓપીડી વિભાગમાં ડોકટરને મળવા બે મેડીકલ રીપ્રેઝન્ટેટીવ આવ્યા હતા. જેમાંથી એક એમ.આરે પોતાની બેગ ઓફિસની બહાર મુકી હતી. ડોકટર સાથે ચર્ચા કર્યા બાદ બહાર નીકળતા જોયું તો બેગ ગાયબ થઈ ગઈ હતી. માત્ર ગણતરીની મીનીટોમાં બેગ ગાયબ થતાં એમ.આર. ચોંકી ઉઠયા હતા અને તંત્ર સમક્ષ રજુઆત કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દી આવે છે જયારે અદ્યતન ટેકનોલોજી અને નવીન બિલ્ડીંગ બનતા દર્દીઓની સંખ્યામાં વિશેષ વધારો થયો છે ત્યારે સીવીલમાં સલામતીના નામે મીંડું છે. સારવાર માટે આવેલા દર્દીઓ તેમજ તેમની સાથે રહેલા સ્નેહીજન સહિત સ્ટાફના કર્મચારીઓની ચીજવસ્તુ ચોરી થયાના બનાવમાં વધુ એકનો ઉમેરો થયો છે. આજે બપોરના સુમારે ઓપીડી વિભાગમાં ડોકટરને મળવા મેડીકલ રીપ્રેઝન્ટેટીવ આવ્યા હતા. એમ.આર.એ પોતાની પાસે રહેલી બેગ બહાર મુકી હતી. ડોકટર સાથે ચર્ચા કર્યા બાદ બહાર નીકળીને જોયું તો બેગ નહોતી માત્ર ગણતરીની મિનીટોમાં ચોરી થતા એમ.આર. પણ ચોંકી ઉઠયા હતા. બેગમાં જરૂરી દવાઓ, કાગળો અને અન્ય ચીજવસ્તુઓ હતી. સિવિલમાં ભારે શોધખોળ બાદ બેગ ન મળતા તેઓ પરત ફર્યા હતા. સિવિલ કેમ્પસમાં અવાર નવાર ચોરી થવાના કિસ્સા બનતા રહે છે પરંતુ સિવિલમાં રહેલા સીસીટીવી કેમેરા અને સિકયુરીટી ગાર્ડ શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા છે.

આજથી મહાત્મા મંદિર ખાતે ૧૩મી ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસનો પ્રારંભ

આંતરરાષ્ટ્રીય કક્ષાની આ પરિષદમાં હરિયાળા શહેરો, મકાનો અને સંકુલોના નિર્માણ માટે સઘન ચર્ચા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૮

ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલના કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તા. ૧૯થી ૨૧મી નવેમ્બર દરમિયાન મહાત્મા મંદિર ખાતે ૧૩મી ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ પરિષદની થીમ આ વર્ષે ગ્રીન, સ્માર્ટ એન્ડ હેલ્થી સીટીઝ છે. પરિષદનો પ્રારંભ સવારે ૧૦ કલાકે થશે.

ગ્રીન બિલ્ડીંગ કોંગ્રેસના ઉદઘાટન સત્રમાં ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાઈનાન્શીયલ સર્વિસીઝ લિ.ના વાઈસ ચેરમેન અને એમડી હરીશંકરન, આઈજીબીસીના ચેરમેન ડૉ. પ્રેમ જૈન તથા અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર કુ.ડી. થારા ઉપસ્થિત રહેશે. ઉદઘાટન સમારોહમાં આઈજીબીસી ગ્રીન બિલ્ડીંગ રેટિંગ સીસ્ટમ ઓન ગ્રીન મેટ્રોઝનું પહેલું વર્ઝન લોન્ચ કરાશે જેમાં ગ્રીન સીટીઝ, ગ્રીન ઈટીરીયર્સ, ગ્રીન કેમ્પસ, ગ્રીન રસિડન્ટ સોસાયટીને આવરી લેવાશે. આ સાથે પરિષદમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનનું પણ ઉદઘાટન કરાશે. ત્રણ દિવસ ચાલનારી આ પરિષદમાં હરિયાળા સ્માર્ટ અને તંદુરસ્ત શહેરોના નિર્માણ માટે સઘન ચર્ચા હાથ ધરાશે.

અડાલજ ત્રિમંદિર સામેથી મારૂતી ઝેનની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા અડાલજ વિસ્તારમાં સ્થિત ત્રિમંદિર ખાતે અમદાવાદ મોટેરા વિસ્તારથી એક પરિવાર દર્શન કરવા ગયું હતું. મંદિર બહાર પાડી પાર્ક કરીને દર્શન કરી પરિવાર બહાર આવ્યું ત્યાં સુધીમાં તેમની મારૂતી ઝેન ગાડીની ઉઠાંતરી કરી કોઈ વાહનચોર ફરાર થઈ ગયો હતો. ગાડી માલિકની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.

અમદાવાદ મોટેરા વિસ્તારમાં રહેતા ઉત્તમચંદ ફુલચંદ શિહોરીયા બે દિવસ અગાઉ પોતાના પરિવારજનને લઈને અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે દર્શન કરવા ગયા હતાં. મંદિરની બહાર ઉત્તમચંદે પોતાની મારૂતી ઝેન ગાડી નં. જીજે ૧ એચ.પી. ૨૯૭૨ પાર્ક કરી હતી અને મંદિરમાં દર્શન કરીન બહાર આવ્યા ત્યાં સુધીમાં કોઈ વાહનચોર તેમની ગાડીની ચોરી કરીને ફરાર થઈ ચુકયું હતું. આજે બે દિવસ બાદ ઉત્તમચંદે અડાલજ પોલીસ મથકમાં પોતાની કાર ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી જમાદાર ઈશ્વરભાઈએ ઉંડી તપાસ આરંભી છે.

દુઃખદ અવસાન

પેથાપુર ગામના કટલરીના વેપારી ગોવિંદભાઈના મોટાભાઈ સ્વ. રમેશકુમાર ભવાનજી લખવારાનું ગત ૧૨ નવેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું હતું. નરેશભાઈ ગોવિંદભાઈ લખવારાના જણાવ્યા અનુસાર સદગતનું બેસણું તા. ૧૯ નવેમ્બરને ગુરુવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન અચલેશ્વર મહાદેવ, શિવધામ, મોટી બજાર ખાતે રાખવામાં આવ્યું છે.

છેતરપીંડીના ગુનામાં ચાર વર્ષથી વોન્ટેડ શખ્સ પકડાયો

શાહપુરના શખ્સે રણાસણ ગામની જમીનનું કૌભાંડ આચર્યું હતું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના શાહપુર ગામમાં રહેતા નારણ સોમા રબારી નામના શખ્સે ચારેક વર્ષ અગાઉ રણાસણ ગામના ખેડુતની જમીન હડપ કરવાનું કૌભાંડ આચર્યું હતું. આ પ્રકરણમાં મારણ રબારી સામે ડભોડા પોલીસ મથકમાં કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫ અને ૪૬૭ મુજબ ગુનો નોંધાયો હતો. ચાર વર્ષથી નાસતા ફરતા આ વોન્ટેડ આરોપીને ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડ સ્કવોર્ડે ચોકકસ બાતમીને આધારે શાહપુર ગામેથી ધરપકડ કરી લીધી છે. પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ, એએસઆઈ અશોકકુમાર, હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ અને કન્સ્ટેબલ મહીપાલસિંહ સહિતના સ્ટાફે આરોપીની ધરપકડ કરી ડભોડા પોલીસને સોંપી દીધો છે.

વાતવાતમાં

● સે-૨૦માં આવેલ ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ દિવ્યાંશુ દવેનો બુધવારે જન્મદિવસ હતો. આ પ્રસંગે તેમણે યુનિવર્સિટી સંકુલમાં એક યજ્ઞનું આયોજન કર્યું હતું.

● ગાંધીનગરની દિકરી પ્રાંજલ ભટ્ટ અભિનિત ગુજરાતી એકશન મુવી શુટઆઉટનું અડાલજ ચાર રસ્તા પાસે શુટિંગ યોજાયું હતું. હાઈવે પર ચાલી રહેલા ફિલ્મ શુટિંગને બ્રીજ પરથી જોવા કેટલાક વાહનચાલકો ઉભા રહી ગયા હતા. તેમને જોઈ પછીથી આવેલા વાહનોમાંથી ઘણા નાગરિકોએ કોઈ પડી તો નથી ગયું ને? તેવી કુતુહલતા સાથે ટોળુ જમાવ્યું હતું.

● ગાંધીનગરના ગ-દોઢ પાસેના પટેલના ગલ્લા તરીકે ઓળખાતી એક નાનકડી દુકાનના મંગળવારે રાત્રે તાળા તુટયા હતા. જો કે આ ગલ્લામાંથી કેટલું ગયું તે હજુ સુધી જાણવા મળ્યું નથી.

● સે-૭માં મિરર બ્યુટી સલોનમાં બ્યુટી ટ્રીટમેન્ટ લેવા આવેલ એક મહિલા પોતાનું મંગળસૂત્ર ત્યાં જ ભૂલી ગઈ હતી. છેક બીજા દિવસે હાંફળી ફાંફળી દોડી આવલી આ મહિલાને પાર્લર ધારકે મંગળસુત્ર પરત કરતા હાશ થઈ હતી.

● સિવિલ હોસ્પિટલ પાસે જયારથી મેડીકલ કોલેજનું નિર્માણ થયું છે ત્યારથી ઓપીડી દરમિયાન સ્ટેથોસ્કોપ મળતું નથી તેવી તબીબોમાં ફરિયાદ વધવા લાગી છે. જો કે દર્દીઓને તપાસવાના હરખમાં યુવા તબીબો એકબીજાનું સ્ટેથોસ્કોપ વાપરવા લઈ લેતા હોવાથી થોડીક ક્ષણોમાં પરત પણ મળી જતું હોય છે.

● સિવિલ હોસ્પિટલમાં હાલ સોમ, મંગળ અને ગુરુવારે દર્દીઓનો સૌથી વધુ ધસારો જોવા મળે છે જયારે બુધ, શુક્ર અને શનિવારે દર્દીઓની સંખ્યા નહીંવત હોય છે. ઘણા દર્દીઓ તો એટલા હોંશિયાર થઈ ગયા છે કે કયા દિવસે વહેલા આવવું તેનું પુરું ધ્યાન રાખે છે.

● સે-૧૧માં એક ચાની કીટલીવાળાએ દિપાવલીની રજાઓ બાદ પુનઃ મુહુર્ત કરતા ગ્રાહકોને મફત ચા પીવડાવી હતી. પોતાના કાયમી ગ્રાહકોને નવા વર્ષની શુભેચ્છારૂપે પહેલી ચા મફત પીવડાવી આ ચકોર વેપારીએ વર્ષ ભરનો ધંધો 'બુક' કરીલીધો હતો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

જીવન કૌશલ્ય નિર્માણ થકી ભારતનું ભાવિ ઘડાશે : સ્વરૂપ સંપટ

ગાંધીનગર તાલુકાના રાજપુર ગામે પ્રાથમિક શાળામાં સ્વરૂપ સંપટ બાળકોને ફિલ્મ નિર્માણના તમામ પાસાની તાલીમ આપી રહ્યાં છે : દસ દિવસની શિબિરના અંતે બાળકો ટૂંકી ફિલ્મનું નિર્માણ કરી પ્રસ્તુત કરશે

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

એક ફિલ્મના નિર્માણથી કેટલા બધાને રોજગારી મળે છે તે તો આજે જ સમજાયું. ગાંધીનગર નજીકના સાવ નાનકડા રાજપુર ગામના એક ભુલકાંએ ચાલી રહેલ ફિલ્મ મેકીંગ શિબિરમાં તેની પ્રશિક્ષકને આશ્ચર્યથી કહ્યું. આ પ્રશિક્ષક કહે છે આ બાળકોનો તો હું માત્ર હાથ જ પકડવાની છું, તેઓ પોતાની જાતે જ ફિલ્મ બનાવતા શીખે છે, અને તમે જો જો તા. ૨૪મી નવેમ્બરે મારા આ બાળકો સરસ મજાની ટૂંકી ફિલ્મનું નિર્માણ કરી તેને પ્રસ્તુત કરશે. આ પ્રશિક્ષક એટલે બીજું કઈ નહી પરંતુ ભૂતપૂર્વ મિસ ઈન્ડિયા અને કાબેલ ટીવી-ફિલ્મ અભિનેત્રી સ્વરૂપ સંપટ. જેઓ હાલ જાખોરા પાસેના રાજપુર ગામે તા. ૧૪મી નવેમ્બરથી પ્રારંભ થયેલ ડ્રામા શિબિરમાં ૪૧ બાળકોને ફિલ્મ મેકિંગ શિખવાડી રહ્યા છે. લગભગ દર વર્ષે રાજપુર ગામે યોજાતી આ ૬ઠ્ઠી શિબિર છે જે ફિલ્મ મેકીંગ થીમ આધારિત છે.

આ શિબિરમાં બાળકોને ફિલ્મ નિર્માણના વિવિધ પાસાઓ જેવા કે એકિટીંગ, કેમેરા, ડિરેકટીંગ, એડિટીંગ, ડ્રેસીંગ, સેટ, સાઉન્ડ વગેરે તમામની તલસ્પર્શી જાણકારી તથા તાલીમ આપવામાં આવી રહી છે. સવારે ૯ થી ૧૨ અને બપોરે ૨.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન ગુજરાતના વિવિધ ગામડાઓના બાળકોને સ્વરૂપ સંપટ તેમની ટીમ સાથે તાલીમ આપી રહ્યાં છે. અગાઉની ડ્રામા શિબિરો પર્યાવરણ, સામાજિક સમસ્યાઓ, લાગણીઓ, સ્વતંત્રતા અને સત્યાગ્રહ થીમ આધારિત યોજાઈ ચુકી છે. શિબિરનું આયોજન રાજપુર પ્રાથમિક શાળા દ્વારા કરાય છે. દસ દિવસની આ શિબિરના અંતિમ દિવસે સમાપન સમારોહમાં બાળકો દ્વારા તૈયાર કરાયેલી ટૂંકી ફિલ્મ પ્રસ્તુત કરાશે.

અગાઉની શિબિરોમાં હાજરી આપી ચુકેલા સ્વરૂપ સંપટ દર વર્ષે તેમનું વચન નિભાવે છે અને તે માટે હસતા હસતા કહે છે રાજપુરની ધરતી મને ઘડી ઘડી બોલાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાંસદ-અભિનેતા પરેશ રાવલે જે જાખોરા ગામને આદર્શ ગ્રામ હેઠળ દત્તક લીધું છે તેમાં રાજપુરનો જુથ પંચાયત તરીકે સમાવેશ થાય છે. રાજપુરની પસંદગી માટે સ્વરૂપ સંપટની આ ગામ સાથે જોડાયેલ લાગણીઓ પણ કારણભૂત હોવાનું તેમણે સ્વીકાર્યું હતું. રાજપુર પ્રાથમિક શાળાના બિન્દુબેન ઝાલા સહિતના તમામ શિક્ષકો સાથે તેમને ઘનિષ્ઠ ઘરોબો બંધાઈ ગયો હોવાથી તેઓ શિબિર દરમિયાન અહીં જ રોકાય છે. આ શિબિરમાં ગાંધીનગર, વડોદરા, મહેસાણા, રાજકોટ જેવા કેટલાક જિલ્લાઓના નાના ગામો જેવા કે દેડુકી, પેઢામલી, લવાડ વગેરેમાંથી આવેલા ૪૧ બાળકોમાં કેટલાક અનાથ બાળકો પણ ફિલ્મ નિર્માણ શીખી રહ્યા છે. સ્વરૂપ સંપટ બાળકો સાથે એટલા ઓતપ્રોત થઈને કામ કરી રહ્યાં છે કે બાળકોને તેમના રોજીંદા શિક્ષિકા હોય તેવો અનુભવ થાય છે.

ફિલ્મ નિર્માણમાં ઘણા પાસા હોય છે જેમાં ઘણા બધા ક્ષેત્રમાં કામ કરતા કારીગરો, વ્યવસાયિકોને રોજગારી મળી રહે છે. જેમ કે ડ્રેસીંગ, મેકઅપ, એડીટીંગ, કેમેરા, ફુડ, ટ્રાન્સપોર્ટ વગેરે. સ્વરૂપ સંપટ માને છે કે ભારતના સ્કીલ ઈન્ડિયાનો વિકાસ ગ્રામ્ય સ્તરે કરવાની જરુર છે. તેઓ આ શિબિર અંગે કહે છે અમે સાથે કામ કરશું, સાથે રહીશું, સાથે બનાવીશું અને ઘણું બધું શીખીશું. તેઓ કહે છે માત્ર વડાપ્રધાન કે સરકાર જ કશું નહીં કરી શકે. આપણે પણ અત્યાર સુધી ફિલ્મ નિર્માણમાં પ્રથમ અને બીજા વર્ગના શહેરોમાંથી આર્ટિસ્ટ આવે છે પરંતુ ગામડામાંથી કેમ નહીં? ગ્રામ્યસ્તરે જો દરેક કળા-કૌશલ્યની પધ્ધતિસર તાલીમ આપવામાં આવશે તો ભારત વૈશ્વિક સ્પર્ધામાં સન્માભેર ઉભું રહી શકશે.

રાષ્ટ્રગીત વાગતું હોય ત્યારે મારી આંખમાં પાણી હોય છે

પોતાને શુધ્ધ રાષ્ટ્રવાદી ગણાવતા સ્વરૂપ સંપટે ગર્વ સાથે કહ્યું હતું કે જયારે જયારે આપણું રાષ્ટ્રગીત વાગતું હોય કે ત્રિરંગો ફરકતો જોઉં ત્યારે ત્યારે મારી આંખમાં અચુક પાણી ભરાઈ આવે છે. હું મારા રાષ્ટ્ર માટે કંઈ પણ કરવા તૈયાર છું. આજ સ્વરૂપ સંપટે અચાનક એક બાળકને કહ્યું કે આજે હું તારા ઘરે રોટલો ખાવા આવીશ ત્યારે અવાક થયેલા બાળકે જવાબ આપ્યો કે મારું ઘર તો ખેતરમાં છે. તુરંત જ સ્વરૂપ સંપટે કહ્યું મને કોઈ વાંધો નથી. તેઓ દૃઢ પણે માને છે કે જો પ્રાથમિક શિક્ષણને મજબૂત બનાવાશે તો કોઈને અનામતની જરૂર નહીં રહે સ્વરૂપ સંપટના અભિનયના ચાહકો માટે ખુશખબર છે કે તેઓ કે. બાલ્કીની આગામી ફિલ્મ 'કિ એન્ડ કા' માં કરીના કપૂરની માતાના રોલ સાથે ફરી રૂપેરી પડદે કમબેક કરી રહ્યાં છે.

પણ મારા ઘરનું ટોયલેટ જાતે સાફ કરું છું તે મારી મહાનતા માટે નહીં પરંતુ શ્રમના મહત્વનો આદર કરવા માટે.

ગુજરાત, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરે રાજયોમાં કામ કરી ચુકેલા સ્વરૂપ સંપટને હવે બિહારનું પણ આમંત્રણ મળ્યું છે. તથા ઈરાનથી પણ તેમને પ્રાથમિક શિક્ષણમાં સુધાર માટે નિમંત્રવામાં આવ્યા છે. ભાવિપેઢીને બાળપણથી જીવન કૌશલ્ય નિર્માણની તાલીમ આપવામાં આવશે તો ભારતનું ભાવિ સોનેરી હશે તેવો વિશ્વાસ વ્યકત કરતા તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં દેશમાં ૨.૫ લાખ પ્રાથમિક શિક્ષકોને તેઓ જીવન કૌશલ્ય અંગે તાલીમ આપી ચુકયાં છે. ટીવી-ફિલ્મી દુનિયા વિશે પૂછતા તેમણે હસતા હસતા કહ્યું કે અત્યારે તો મારી વિદ્યાર્થીનીઓ એ વાતનું ગૌરવ લઈ રહી છે કે અમારી ટીચર મીસ ઈન્ડિયા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)